**શિર્ષક : ખેતીમાં વૈજ્ઞાનિક આભિગમ અપનાવી વધુ આવક મેળવી.**

**નામ: શ્રી સુરેશભાઈ જેરામભાઇ દલસાણીયા ગામ : ઈશ્વરીયા તા.: કુતિયાણા જી. : પોરબંદર**

**રાજ્ય : ગુજરાત આભ્યાસ: ૦૯ પાસ**

**ઉમર વર્ષ: ૪૨ જમીન : ૫ એકર**

**મોબાઇલ નં. : ૯૮૨૪૮૬૫૮૫૧**

શ્રી સુરેશભાઈ એક પ્રગતિશીલ અને રચનાત્મક વિચારધારા ધરાવતા ખેડૂત છે. તેઓશ્રી નિયમીતપણે કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં સંપર્કમાં રહી ખેતીમાં આધુનિકતમ પધ્ધતિ તથા તંત્રીક્તાની માહિતી મેળવી પોતાની ખેતીમાં તેનો અમલ કરવા હંમેશા તત્પર રહે છે. જેમાં તેઓએ પોતાની વૈવિધ્યતા સભર ખેતીમાં પપૈયા, મગફળી, કપાસ, ડુંગળી, અર્ધશિયાળુ તલ વિગેરે પાકોની ખેતી કરેલ છે. તેમાય પપૈયા અને કપાસ પાકોમાં તેઓએ ટપક પિયત પધ્ધતિ અપનાવેલ છે અને રાસાયણિક ખાતરો પણતેના દ્વારા જ આપે છે. કપાસમાં તેઓએ જોડિયા હાર તથા પાળા પર વાવેતરની પધ્ધતિ અપનાવી ટપક પિયત પધ્ધતિના ખર્ચમાં ઘણોજ બચાવ કરી સારૂં ઉત્પાદન તેમજ આર્થિક વળતર મેળવેલ છે. આ ઉપરાંત પપૈયાનો પાક લીધા બાદ પપૈયાના થડિયાનો રોતાવેટર વડે જમીનમાં દાટી સેન્દ્રીય પદાર્થોના પુનઃઉપયોગનું ઉદાહરણ પુરૂ પાડેલ છે.

આ ઉપરાંત તેઓ સંકલીત ખાતર વ્યવસ્થાપન તેમજ સંકલીત રોગ – જીવાત નિયંત્રણ આપનાવા સાથે મહતમ માત્રામાં સેન્દ્રીય પદાર્થો વાપરે છે. ડુંગળીના પાકમાં પણ પિયત માટે ટપક પધ્ધતિની લેટરલની જગ્યાએ તેઓએ આપનાવેલ ઘણી જ સસ્તી " પેપ્સી પાઈપ" (પ્લાસ્ટીકની પાઈપ) તથા તેનો સફળતા પૂર્વક ઉપયોગ પ્રેરણાદાયક છે. તેઓને પણ કૃષિ મહોત્સવ દરમિયાન સારી અને સફળ આધુનિક ખેતી માટે "કૃષિના ઋષિ " તરીકે નવાજવામાં આવેલ છે.

ફાયદો :

શ્રી સુરેશભાઈએ ટપક સિચાઈ પધ્ધતિ દ્વારા ૬ વીઘામાં પપૈયાની ખેતી કરેલ જેમાંથી ૧૦૦ ટન પપૈયાના ઉત્પાદન સાથે ખર્ચ બાદ કરતાં રૂ.૨,૩૭,૦૦૦/- ની ચોખ્ખી આવક મેળવેલ. શ્રી સુરેશભાઈએ ખેતીમાં વૈજ્ઞાનિક આભિગમ આપનાવી કુલ રૂ.૬,૬૮,૩૦૦/-ની ચોખ્ખી આવક મેળવેલ હતી.



